# બાંગ્લાદેશનો હવે IPL પ્રસારણ પર પ્રતિબંધ

**બીસીસીઆઇએ** મુસ્તફિઝુર રહેમાનને આઇપીએલમાંથી બહાર કરવા માટે કોઇ તાર્કિક કારણ આપ્યું નથી : બાંગ્લાદેશી મંત્રાલય

**આઇપીએલ** પ્રસારણ પર પ્રતિબંધનો નિર્ણય યોગ્ય સત્તાધિશની મંજૂરીથી જાહેર હિતમાં લેવાયો છે : બાંગ્લાદેશી સહાયક સચિવ

ઢાકા, તા. 05 (પીટીઆઇ) : બીસીસીઆઈના નિર્દેશ પર કોલકાતા નાઈટ રાઈડર્સ દ્વારા ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને ઈન્ડિયન પ્રીમિયર લીગમાંથી મુક્ત કરાયા બાદ બાંગ્લાદેશે સોમવારે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ની આગામી સીઝનના પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો હતો.

બાંગ્લાદેશના માહિતી અને પ્રસારણ મંત્રાલયના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) એ આઈપીએલ ફ્રેન્ચાઈઝી કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)ને 2026 સીઝન માટે રહેમાનને ટીમમાંથી બહાર કરવાનો નિર્દેશ આપતી વખતે કોઈ તાર્કિક કારણ આપ્યું નથી.

બાંગ્લાદેશે આવતા મહિને યોજાનારા ટી-20 વર્લ્ડકપ માટે ભારત જવાનો ઈનકાર કર્યો હતો અને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)ને તેની તમામ લીગ મેચો ટુર્નામેન્ટના સહ-યજમાન શ્રીલંકામાં ખસેડવાની વિનંતી કર્યાના એક દિવસ પછી આઈપીએલના પ્રસારણ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સરકારી સૂચના અનુસાર બીસીસીઆઈએ રહેમાનને IPLમાંથી મુક્ત કરવાના નિર્ણય માટે કોઈ તાર્કિક કારણ આપ્યું નથી અને બાંગ્લાદેશના લોકો આ નિર્ણયથી નિરાશ અને દુઃખી છે. આ સ્થિતિમાં, આગામી આદેશો સુધી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની તમામ મેચો અને ઈવેન્ટ્સનું પ્રસારણ/ટેલિકાસ્ટિંગ બંધ કરવાની વિનંતી કરવામાં આવે છે એમ તેમાં જણાવાયું છે. સહાયક સચિવ ફિરોઝ ખાન દ્વારા હસ્તાક્ષરિત પત્રમાં જણાવાયું છે કે આ આદેશ યોગ્ય સત્તાધિકારીની મંજૂરીથી અને જાહેર હિતમાં જારી કરવામાં આવ્યો છે. બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ રહેમાનને મુક્ત કરવાનો આદેશ જારી કરતી વખતે ફક્ત એટલું જ કહ્યું કે તે વર્તમાન ઘટનાક્રમને કારણે કરવામાં આવી રહ્યું છે. જોકે, તેમણે કોઈ ચોક્કસ કારણ આપ્યું ન હતું. ગયા વર્ષે ઓગસ્ટમાં સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનોને પગલે ભારતમાં રહેલા બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીનાને પદભ્રષ્ટ કરવામાં આવ્યા બાદથી ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં તણાવ જોવા મળ્યો છે. હસીનાને સત્તા પરથી દૂર કરવામાં આવી ત્યારથી હિન્દુઓ હિંસક હુમલાઓમાં નિશાન બનાવવામાં આવ્યા છે.

## ટી-20 વર્લ્ડકપ : બાંગ્લાદેશની માગ મામલે ICCના નિર્ણય પર બધાની નજર

**જો** આઇસીસી આ માગ ન સ્વીકારે અને બાંગ્લાદેશ ભારતમાં ન રમે તો તે મેચના પોઇન્ટ હરીફ ટીમને મળશે

**જો** બાંગ્લાદેશ ટી-20 વર્લ્ડકપમાંથી ખસી જાય તો આઇસીસી તેના સ્થાને કોઇ અન્ય ટીમનો સમાવેશ કરી શકે

દુબઇ, તા. 05 : ભારત અને બાંગ્લાદેશ વચ્ચે તંગ બનેલા સંબંધો વચ્ચે મુસ્તફિઝુર રહેમાનની આઇપીએલમાંથી બાકાતીને મોટો મુદ્દો બનાવીને બાંગ્લાદેશે ટી-20 વર્લ્ડકપ માટે ભારતનો પ્રવાસ કરવાનો ઇનકાર કરીને તેમની વર્લ્ડકપ મેચ શ્રીલંકામાં શિફ્ટ કરવાની માગ કરી છે અને હવે આ મામલે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઇસીસી) શું નિર્ણય કરે છે તેના પર બધાની નજર છે. જો આઇસીસી તેની માગ ન સ્વીકારે અને બાંગ્લાદેશ પોતાની જીદ પકડી રાખે તો એવી સ્થિતિમાં નુકસાન બાંગ્લાદેશને જ થશે.

આ બાબતે આઇસીસી બાંગ્લાદેશની વાત સાંભળીને તેમની બધી મેચો શ્રીલંકા ખસેડી શકે છે. પરંતુ જો આઇસીસી એમ નહીં કરે અને બાંગ્લાદેશ તેની વર્લ્ડકપ મેચો માટે ભારત જવાનો ઇનકાર કરે, તો તેને નુકસાન થઇ શકે છે. જો બાંગ્લાદેશ તેની મેચો માટે ભારત નહીં જાય, તો તે મેચોના પોઇન્ટ વિરોધી ટીમને મળી શકે છે. આવું પહેલા પણ બન્યું છે, જ્યારે 1996ના વર્લ્ડકપમાં, ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઇન્ડિઝે સુરક્ષાના કારણોસર શ્રીલંકામાં મેચ રમવાનો ઇનકાર કર્યો હતો ત્યારે વિરોધી ટીમોને પોઇન્ટ આપવામાં આવ્યા હતા. 2003ના વર્લ્ડકપમાં, ન્યુઝીલેન્ડ અને ઇંગ્લેન્ડે અનુક્રમે કેન્યા અને ઝિમ્બાબ્વે સામે પોતાની મેચ રમી ન હતી અને તેમાં વિરોધી ટીમોને પોઇન્ટ આપવામાં આવ્યા હતા.

આ ઉપરાંત જો બાંગ્લાદેશ ટી-20 વર્લ્ડકપમાંથી ખસી જવાનો નિર્ણય લે છે, તો તેમના સ્થાને બીજી ટીમનો સમાવેશ થઇ શકે છે. આવું 2016ના અંડર-19 વર્લ્ડકપમાં થયું હતું. ત્યારે ઓસ્ટ્રેલિયાએ બાંગ્લાદેશનો પ્રવાસ કરવાનો ઇનકાર કર્યો હતો, તેથી આયર્લેન્ડને તેમના સ્થાને સામેલ કરવામાં આવ્યું હતું.

## NADAની 2026ના પ્રથમ ક્વાર્ટરની RTP યાદીમાં સ્મૃતિ-જેમિમા સામેલ

**રજિસ્ટર્ડ** ટેસ્ટિંગ પૂલમાં સામેલ 347 સભ્યોની યાદીમાં સૌથી વધુ 118 એથ્લેટને સ્થાન મળ્યું

**આ** પહેલાની યાદીમાં 227 ખેલાડીઓ સામેલ હતા અને હવે તેમાં 120 નવા નામ જોડાયા



નવી દિલ્હી, 5 જાન્યુઆરી (ભાષા) સ્ટાર ભારતીય મહિલા ક્રિકેટરો સ્મૃતિ મંધાના અને જેમિમા રોડ્રિગ્સ 2026ના પ્રથમ ક્વાર્ટર માટે નેશનલ એન્ટી-ડોપિંગ એજન્સી (નાડા)ના રજિસ્ટર્ડ ટેસ્ટિંગ પૂલ (RTP) માં સામેલ મહત્વપૂર્ણ ખેલાડીઓ છે, જ્યારે 347 સભ્યોની યાદીમાં 118 ખેલાડીઓએ સૌથી વધુ એથ્લેટને સ્થાન મળ્યું છે.

અગાઉની RTP યાદીમાં 227 ખેલાડીઓનો સમાવેશ થતો હતો અને આ વખતે તેમાં 120 વધુ ખેલાડીઓના નામ ઉમેરવામાં આવ્યા છે. આ વર્ષે યોજાનારી કોમનવેલ્થ અને એશિયન ગેમ્સ અને ભારત દ્વારા વધુ આક્રમક પરીક્ષણ માટે દબાણને કારણે ખેલાડીઓની યાદીમાં ઉમેરો થયો છે. RTPમાં ભાગ લેનારા ખેલાડીઓએ ડોપિંગ વિરોધી એજન્સી સાથે તેમની રહેવાની વ્યવસ્થા શેર કરવી જરૂરી છે અને દરરોજ ચોક્કસ સમયે પરીક્ષણ માટે ઉપલબ્ધ રહેવું જરૂરી છે. ત્રણ વખત તેમની ઉપલબ્ધતા પ્રદાન કરવામાં નિષ્ફળતાને ડોપિંગ ઉલ્લંઘન ગણવામાં આવે છે.

અગાઉની RTP યાદીમાં પણ એથ્લેટિક્સમાંથી સૌથી વધુ 68 નામો હતા. નવી RTP યાદીમાં પણ નોંધપાત્ર રીતે વધુ નામો છે, જેમાં સ્ટીપલચેઝ ખેલાડી અવિનાશ સાબલે, હર્ડલર જ્યોતિ યારાજી, ડેકાથલોન ખેલાડી તેજસ્વિન શંકર અને દોડવીર અનિમેષ કુજુર જેવા જાણીતા નામોનો સમાવેશ થાય છે. વર્લ્ડ એન્ટી-ડોપિંગ એજન્સી (વાડા)ની RTP યાદીમાંથી દૂર કર્યા પછી, સાબલેને નાડાની યાદીમાં સામેલ કરવામાં આવ્યો છે. વાડાની યાદીમાં હવે ફક્ત ભાલા ફેંક એથ્લેટ નીરજ ચોપરા અને સચિન યાદવનો સમાવેશ થયો છે. આ યાદીમાં હોકી ખેલાડીઓ મનપ્રીત સિંહ, કેપ્ટન હરમનપ્રીત સિંહ, અમિત રોહિદાસ, હાર્દિક સિંહ, મહિલા ટીમની કેપ્ટન સલીમા ટેટે, સવિતા પુનિયા અને નવનીત કૌરનો પણ સમાવેશ થાય છે. RTP યાદીમાં ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા અમન સેહરાવત સહિત 29 રેસલર્સનો પણ સમાવેશ થાય છે.

### નાડાના રજીસ્ટર્ડ ટેસ્ટિંગ પુલમાં પાંચ મહિલા સહિત કુલ 14 ક્રિકેટર્સનો સમાવેશ

આ યાદીમાં 14 ક્રિકેટરોનો સમાવેશ થાય છે જેમાં સૂર્યકુમાર યાદવ અને સંજુ સેમસનને સ્થાને સ્મૃતિ અને જેમીમાનો સમાવેશ થયો છે. બંને મહિલા ક્રિકેટર્સની સાથે ટેસ્ટ અને વન ડે કેપ્ટન શુભમન ગિલ, વન ડે વાઇસ-કેપ્ટન શ્રેયસ અય્યર, યશસ્વી જયસ્વાલ, હાર્દિક પંડ્યા, ઋષભ પંત, જસપ્રીત બુમરાહ, લોકેશ રાહુલ, અર્શદીપ સિંહ અને તિલક વર્મા પહેલાથી જ આ યાદીમાં સામેલ છે. ગયા વર્ષે વન ડે વર્લ્ડકપ જીતનાર ભારતીય મહિલા ટીમની ઓલરાઉન્ડર દીપ્તિ શર્મા અને શેફાલી વર્મા સાથે રેણુકા સિંહ ઠાકુર પણ આ યાદીમાં સામેલ છે.

## વૈભવ સૂર્યવંશીએ દ. આફ્રિકામાં 19 બોલમાં અર્ધસદી ફટકારી

**ભારત** અને દક્ષિણ આફ્રિકાની અંડર-19 ટીમ વચ્ચેની બીજી વન ડેમાં સૂર્યવંશીએ ફટાફટી બોલાવી



બેનોની, તા. 05 : ત્રણ મેચની વનડે સીરિઝ રમવા માટે દક્ષિણ આફ્રિકાના પ્રવાસે ગયેલી ભારતીય અંડર-૧૯ ટીમની આજે સોમવારે બીજી વનડે અહીં રમાઈ હતી. આ મેચમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરી રહેલા 14 વર્ષીય વૈભવ સૂર્યવંશીએ શાનદાર બેટિંગ કરીને દક્ષિણ આફ્રિકાના બોલરોને ફટકારીને માત્ર 19 બોલમાં પોતાની અર્ધસદી પુરી કરી હતી.

ઈનિંગની શરૂઆત કરતા, વૈભવ સૂર્યવંશીએ 283.33 ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરીને 24 બોલમાં 68 રન બનાવ્યા હતા. આ વિસ્ફોટક ઈનિંગમાં, વૈભવે 10 છગ્ગા અને એક ચોગ્ગો ફટકાર્યો. સૂર્યવંશીએ ઈનિંગની આઠમી ઓવરમાં દક્ષિણ આફ્રિકાના બાયન્ડા માજોલા દ્વારા બોલ્ડ થયો હતો. વૈભવે છગ્ગો ફટકારીને ૧૯ બોલમાં પોતાની પચાસ રન પૂરા કર્યા. ત્યારબાદ તેણે ઓવરના બીજા અને ત્રીજા બોલ પર છગ્ગો ફટકાર્યો, પછી ચોથા બોલ પર ચોગ્ગો ફટકાર્યો. આમ સૂર્યવંશીએ તે ઓવરમાં ૨૩ રન બનાવ્યા હતા.

## માજી વિશ્વ બિલિયર્ડ્સ ચેમ્પિયન મનોજ કોઠારીનું નિધન

કોલકાતા, તા. 05 (પીટીઆઈ) : માજી વિશ્વ બિલિયર્ડ્સ ચેમ્પિયન મનોજ કોઠારીનું 67 વર્ષની વયે સોમવારે તમિલનાડુના તિરુનેલવેલીની એક હોસ્પિટલમાં હૃદયરોગના હુમલાથી અવસાન થયું હોવાનું પરિવારના એક સભ્યએ જણાવ્યું હતું. કોલકાતાના રહેવાસી કોઠારીનું 10 દિવસ પહેલા ચેન્નાઈથી 600 કિમી દૂર તિરુનેલવેલીની કાવેરી હોસ્પિટલમાં લીવર ટ્રાન્સપ્લાન્ટ થયું હતું. પરિવારના એક સભ્યએ જણાવ્યું કે શસ્ત્રક્રિયા સફળ રહી, અને તે ત્રીજા દિવસે પણ બેસીને વાતો કરી રહ્યો હતો. પરંતુ થોડા દિવસો પહેલા, તેને ફેફસામાં ચેપ લાગ્યો હતો અને આજે સવારે 7:30 વાગ્યે હૃદયરોગના હુમલાથી તેનું અવસાન થયું. કોઠારીએ ૧૯૯૦માં વર્લ્ડ બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપ જીતી હતી. તેમનો પુત્ર, સૌરવે, પણ ૨૦૨૫માં આ ખિતાબ જીત્યો હતો. સૌરવને તેના પિતા દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

## PGTIમાં બાંગ્લાદેશી ખેલાડીઓની ભાગીદારી અંગે હજુ કોઈ નિર્ણય નથી લેવાયો : કપિલ દેવ

**પ્રસિદ્ધ** બાંગ્લાદેશી ગોલ્ફર્સ જમાલ હુસૈન, મોહમ્મદ સિદીકુર રહેમાન અને મોહમ્મદ અકબર હુસૈન PGTIમાં રમે છે

નવી દિલ્હી, તા. 05 (પીટીઆઇ) : દિગ્ગજ ક્રિકેટર અને પીજીટીઆઈના પ્રમુખ કપિલ દેવે સોમવારે જણાવ્યું હતું કે પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઈન્ડિયા (પીજીટીઆઈ)માં બાંગ્લાદેશી ખેલાડીઓની ભાગીદારી અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) એ સુરક્ષા ચિંતાઓનો હવાલો આપીને અને તેની સરકારની સલાહનું પાલન કરીને આગામી મહિને ભારતમાં યોજાનારા ટી-20 વર્લ્ડકપમાં ટીમ ન મોકલવાનો નિર્ણય લીધો છે. અગાઉ, આઈપીએલ ટીમ કેકેઆરે બીસીસીઆઈના નિર્દેશ પર બાંગ્લાદેશી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી મુક્ત કરવાનો નિર્ણય લીધો હતો. પીજીટીઆઈ ટૂરમાંથી બાંગ્લાદેશી ખેલાડીઓને બાકાત રાખવાની શક્યતા વિશે પૂછવામાં આવતા, કપિલે કહ્યું કે અમે તેના પર ચર્ચા કરીશું. હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

પીજીટીઆઈ ટૂરમાં ઘણા પ્રસિદ્ધ બાંગ્લાદેશી ગોલ્ફરો જમાલ હુસૈન, મોહમ્મદ સિદીકુર રહેમાન અને મોહમ્મદ અકબર હુસૈન રમે છે. કપિલે આઈસીસીને પત્ર લખવાના બીસીબીના તાજેતરના નિર્ણય પર ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. 1983ના વર્લ્ડકપ વિજેતા કેપ્ટન પીજીટીઆઈની ફ્રેન્ચાઇઝ આધારિત ગોલ્ફ લીગ 72 ધ લીગના પ્રારંભ પ્રસંગે મીડિયાને સંબોધિત કરી રહ્યો હતો.

કપિલે કહ્યું કે ભારતને ગોલ્ફ વિકસાવવા માટે ટીમ-આધારિત માળખાની જરૂર છે. તેમણે ઈન્ડિયન પ્રીમિયર લીગ પછી ભારતીય ક્રિકેટમાં આવેલા ફેરફારોનો પણ ઉલ્લેખ કર્યો.

## પાંચમી એશિઝ ટેસ્ટ : રૂટની સદી પછી હેડની આક્રમક બેટિંગ

**રૂટની** સદીથી ઈંગ્લેન્ડનો સ્કોર 384 રન, હેડની આક્રમક બેટિંગથી ઓસ્ટ્રેલિયાનો વળતો પ્રહાર



સિડની, તા. 05 (એપી) : અહીં રમાઇ રહેલી એશિઝ સીરિઝની પાંચમી અને અંતિમ ટેસ્ટના આજે સોમવારે બીજા દિવસે જો રૂટની વર્તમાન સીરિઝની બીજી સદીથી ઈંગ્લેન્ડે મોટો સ્કોર બનાવ્યો હતો, પરંતુ ટ્રેવિસ હેડની આક્રમક બેટિંગને કારણે ઓસ્ટ્રેલિયાએ તેમની પ્રથમ ઈનિંગમાં શાનદાર શરૂઆત કરીને વળતો પ્રહાર કર્યો હતો.

રૂટના 242 બોલમાં 15 ચોગ્ગા સાથે 160 રનની મદદથી ઈંગ્લેન્ડ ટી બ્રેક પહેલા 384 રનમાં ઓલઆઉટ થઈ ગયું. આ ઓસ્ટ્રેલિયામાં રૂટનો શ્રેષ્ઠ ટેસ્ટ સ્કોર છે. સ્ટમ્પ સમયે ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દાવ બે વિકેટે 166 રન બનાવ્યા હતા અને ક્રિઝ પર હેડ 91 તેમજ નાઈટ વોચમેન માઈકલ નાસર હતા. બેન સ્ટોક્સે દિવસના છેલ્લા સત્રમાં જેક વેધરલ્ડ અને માર્નસ લાબુશેનને આઉટ કર્યા હતા. ઓસ્ટ્રેલિયા વતી માઈકલ નાસરે 60 રન આપીને ચાર વિકેટ લીધી હતી. ઈંગ્લેન્ડની ઈનિંગ પુરી થયા પછી હેડ અને વેધરલ્ડે ઓસ્ટ્રેલિયાને ઝડપી શરૂઆત અપાવી. તેમણે ટીમનો સ્કોર માત્ર 10 ઓવરમાં 50 રન સુધી પહોંચાડ્યો. હેડે પોતાનું આક્રમક ફોર્મ ચાલુ રાખીને 55 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી અને સીરિઝમાં 500 રનનો આંકડો પણ પાર કર્યો હતો.

### સર્વાધિક ટેસ્ટ સદી મામલે રૂટ પોન્ટીંગની બરાબરીએ

પાંચમી ટેસ્ટમાં સદી ફટકારવાની સાથે જો રૂટે સૌથી વધુ ટેસ્ટ સદીઓના મામલે રિકી પોન્ટિંગની બરાબરી કરી હતી, આ બંનેના નામે 41-41 સદી છે જ્યારે આ યાદીમાં સચિન તેંદુલકર 51 સદી સાથે ટોચે અને જેક્સ કાલિસ 45 સદી સાથે બીજા ક્રમે છે.

**ટેસ્ટ ક્રિકેટમાં સર્વાધિક સદી**

| ખેલાડી | દેશ | ઇનિંગ | સદી |
|---|---|---|---|
| સચિન તેંદુલકર | ભારત | 329 | 51 |
| જેક્સ કાલિસ | દ. આફ્રિકા | 280 | 45 |
| રિકી પોન્ટીંગ | ઓસ્ટ્રેલિયા | 287 | 41 |
| જો રૂટ | ઈંગ્લેન્ડ | 297 | 41 |
| કુમાર સંગાકારા | શ્રીલંકા | 233 | 38 |

| ઈંગ્લેન્ડ પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ક્રાઉલી LB બો.નાસર | 16 | 29 | 3 | 0 |
| ડકેટ કો.કેરી બો.સ્ટાર્ક | 27 | 24 | 5 | 0 |
| બેથલ કો.કેરી બો.બોલેન્ડ | 10 | 23 | 2 | 0 |
| જો રૂટ કોએન્ડબો.નાસર | 160 | 242 | 15 | 0 |
| બ્રુક કો.સ્મિથ બો.બોલેન્ડ | 84 | 97 | 6 | 1 |
| સ્ટોક્સ કો.કેરી બો.સ્ટાર્ક | 0 | 11 | 0 | 0 |
| સ્મિથ કો.બોલેન્ડ બો.લાબુશેન | 46 | 76 | 6 | 1 |
| જેક્સ કો.ગ્રીન બો.નાસર | 27 | 62 | 2 | 1 |
| કાર્સ કો.કેરી બો.ગ્રીન | 1 | 6 | 0 | 0 |
| પોટ્સ નોટઆઉટ | 1 | 16 | 0 | 0 |
| ટંગ બો.નાસર | 0 | 2 | 0 | 0 |
| વધારાના | 12 | | | |
| કુલ (97.3 ઓવરમાં ઓલઆઉટ) | 384 | | | |

**વિકેટપતન :** 1/35, 2/51, 3/57, 4/226, 5/229, 6/323, 7/375, 8/382, 9/384, 10/384

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મિચેલ સ્ટાર્ક | 23 | 2 | 93 | 2 |
| માઇકલ નાસર | 18.3 | 2 | 60 | 4 |
| સ્કોટ બોલેન્ડ | 26 | 2 | 85 | 2 |
| કેમરન ગ્રીન | 18 | 0 | 85 | 1 |
| બ્યુ વેબસ્ટર | 5 | 0 | 20 | 0 |
| ટ્રેવિસ હેડ | 4 | 0 | 20 | 0 |
| માર્નસ લાબુશેન | 3 | 0 | 14 | 1 |

| ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| હેડ રમતમાં | 91 | 87 | 15 | 0 |
| વેધરલ્ડ LB બો.સ્ટોક્સ | 21 | 36 | 4 | 0 |
| લાબુશેન કો.બેથલ બો.સ્ટોક્સ | 48 | 68 | 7 | 0 |
| નાસર રમતમાં | 1 | 15 | 0 | 0 |
| વધારાના | 5 | | | |
| કુલ (34.1 ઓવરમાં બે વિકેટે) | 166 | | | |

**વિકેટપતન :** 1/57, 2/162

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| બ્રેડન કાર્સ | 9 | 1 | 43 | 0 |
| મેથ્યુ પોટ્સ | 7 | 0 | 58 | 0 |
| જોશ ટંગ | 10 | 0 | 31 | 0 |
| બેન સ્ટોક્સ | 8.1 | 2 | 30 | 2 |

## શિખર ધવન આયરિશ પ્રેમિકા સોફી શાઇન સાથે લગ્ન કરશે

**ફેબ્રુઆરીના** ત્રીજા અઠવાડિયામાં દિલ્હી એનસીઆર ખાતે લગ્ન સમારોહનું આયોજન



નવી દિલ્હી, તા. 05 : ભારતીય ક્રિકેટ ટીમના માજી અનુભવી ઓપનર શિખર ધવન આવતા મહિને ફેબ્રુઆરી 2026 માં તેની ગર્લફ્રેન્ડ સોફી શાઈન સાથે લગ્ન કરવા જઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દિલ્હી-એનસીઆરમાં આ હાઈ-પ્રોફાઈલ લગ્નની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

અહેવાલો અનુસાર, લગ્ન સમારોહ ફેબ્રુઆરીના ત્રીજા અઠવાડિયામાં યોજાશે. આ ભવ્ય લગ્નમાં ક્રિકેટ દિગ્ગજો તેમજ બોલીવુડના જાણીતા સેલિબ્રિટીઓ હાજરી આપે તેવી અપેક્ષા છે. જોકે શિખર અને સોફીએ હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી, ધવન લગ્નની તૈયારીઓનું વ્યક્તિગત રીતે નિરીક્ષણ કરી રહ્યો છે. તેના નજીકના લોકો કહે છે કે આ લગ્ન શિખરના જીવનમાં એક નવા અને શાંતિપૂર્ણ પ્રકરણની શરૂઆત દર્શાવે છે. સોફી શાઈન મૂળ આયર્લેન્ડની છે. તે શિખરના અંગત જીવનનો ભાગ જ નથી, પરંતુ તેના વ્યાવસાયિક પ્રયાસોમાં પણ તેને ટેકો આપે છે.

સોફી હાલમાં શિખર ધવન ફાઉન્ડેશનનું નેતૃત્વ કરે છે, જે ધવનના દા વન સ્પોર્ટ્સ ગ્રુપની ચેરિટી વિંગ છે. તેઓ એક વર્ષથી વધુ સમયથી સાથે છે અને તેમના સંબંધો પ્રત્યે ખૂબ ગંભીર છે.

## મહંમદ શમી અને તેના ભાઈને ચૂંટણી પંચનું સમન્સ

કોલકાતા, તા. 05 : ભારતીય ચૂંટણી પંચે ભારતીય ક્રિકેટ ટીમના ઝડપી બોલર મહંમદ શમી અને તેના ભાઈ મહંમદ કૈફને નોટિસ ફટકારી તેમને કોલકાતામાં કમિશનના અધિકારીઓ સમક્ષ હાજર થવાનું કહેવામાં આવ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગયા વર્ષે 16 ડિસેમ્બરથી પશ્ચિમ બંગાળમાં શરૂ થયેલા મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) સંબંધિત કેસના સંદર્ભમાં આજે સોમવારે નોટિસ જારી કરવામાં આવી હતી. શમી અને તેના ભાઈને દક્ષિણ કોલકાતાના જાધવપુર વિસ્તારમાં આવેલી કાર્ટજુ નગર સ્કૂલમાં સહાયક ચૂંટણી નોંધણી અધિકારી સમક્ષ હાજર થવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ શમી રાજકોટમાં વિજય હજારે ટ્રોફીમાં પશ્ચિમ બંગાળ તરફથી રમવાના વ્યસ્ત શેડ્યૂલને કારણે હાજર રહી શક્યો ન હતો. હવે તેને 9 થી 11 જાન્યુઆરી વચ્ચે ફરીથી હાજર રહેવાનું કહેવામાં આવ્યું છે.

## વિજયહજારે ટ્રોફીની બાકીની મેચોમાં મુંબઈનું નેતૃત્વ શ્રેયસ અય્યર કરશે

**મુંબઇના** કેપ્ટન શાર્દુલ ઠાકુરને માથામાં ઇજા થઇ હોવાથી તે પસંદગી માટે ઉપલબ્ધ નથી

મુંબઈ, તા. 05 (પીટીઆઇ) : ભારતીય બેટ્સમેન શ્રેયસ અય્યરને સોમવારે વિજય હજારે ટ્રોફીની બાકીની મેચો માટે મુંબઈનો કેપ્ટન નિયુક્ત કરવામાં આવ્યો છે. નિયમિત કેપ્ટન શાર્દુલ ઠાકુર ઈજાને કારણે બહાર થઈ ગયો છે. અય્યર પણ ઈજાના લાંબા સમય બાદ ટીમમાં પરત ફરી રહ્યો છે. મુંબઈના મુખ્ય પસંદગીકાર સંજય પાટીલે સોમવારે પીટીઆઈને જણાવ્યું હતું કે શાર્દુલને માથામાં ઈજા થઈ છે અને તેને આરામ કરવાની સલાહ આપવામાં આવી છે. અમારી પાસે શિવમ દુબે અને સૂર્યકુમાર યાદવ જેવા ખેલાડીઓ ઉપલબ્ધ છે અને બાકીની મેચો માટે શ્રેયસ અય્યરને મુંબઈનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે, જો કે તેમણે ઠાકુરની ઈજાના પ્રકારનો ખુલાસો કર્યો ન હતો.

## પ્રીમિયર લીગ : લિવરપૂલ અને માન્ચેસ્ટર સિટી મોડા ગોલથી સ્તબ્ધ

**ફુલહામે** સ્ટોપેજ ટાઇમની સાતમી મિનિટે ગોલ કરીને લિવરપુલ સામેની મેચ ડ્રો કરી

**ચેલ્સીએ** 94મી મિનિટે ગોલ કરીને માન્ચેસ્ટર સિટીની જીતની સંભાવના પર પાણી ફેરવ્યું

માન્ચેસ્ટર, તા. 05 (એપી) : પ્રીમિયર લીગમાં લિવરપૂલ અને માન્ચેસ્ટર સિટી પોતપોતાની મેચમાં હરીફ ટીમો દ્વારા થયેલા અંતિમ સમયના મોડા ગોલથી મેચ ડ્રો થવાને કારણે સ્તબ્ધ થઈને પોઈન્ટ ગુમાવ્યા હતા.

ક્રેવેન કોટેજ ખાતે સ્ટોપેજ ટાઈમની સાતમી મિનિટમાં હેરિસન રીડના શાનદાર પ્રહારથી ફુલહામે લિવરપૂલ સામેની મેચ 2-2 થી ડ્રો કરીને તેને ફુલ પોઈન્ટથી વંચિત રાખ્યું હતું. આ તરફ એતિહાદ ખાતે એન્ઝો ફર્નાન્ડીઝે 94મી મિનિટમાં બરાબરીનો ગોલ કરતાં મેનેજરલેસ ચેલ્સીએ મેચ 1-1 થી ડ્રો કરતાં માન્ચેસ્ટર સિટીની ટાઈટલની આશાઓ પર પાણી ફરી વળ્યું હતું. બીજા ક્રમે રહેલી સિટીએ હાફટાઈમમાં તિજાની રીજન્ડર્સના ગોલ દ્વારા સરસાઈ મેળવી હતી, પરંતુ મેચ ડ્રો થતાં હવે તે શનિવારે બોર્નમાઉથને 3-2 થી હરાવનાર લીડર આર્સેનલથી છ પોઈન્ટ પાછળ છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન લિવરપૂલ સ્ટેન્ડિંગમાં ચોથા ક્રમે છે અને આર્સેનલથી 14 પોઈન્ટ પાછળ છે. એલેન્ડ રોડ પર મેથ્યુસ કુન્હાના બરાબરી ગોલ બાદ માન્ચેસ્ટર યુનાઈટેડની લીડ્સ સાથેની મેચ 1-1 થી ડ્રો થઈ.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ટ્રમ્પની ભારતને...

(અનુસંધાન ... પાના પહેલાનું)

સંઘર્ષને સમાપ્ત કરવા માટે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનના ગ્રાહકો પર દબાણ લાવવું આવશ્યક છે. ટ્રમ્પે જણાવ્યું કે પ્રતિબંધો રશિયાને ખૂબ જ નુકસાન પહોંચાડી રહ્યા છે અને ત્યારબાદ ભારતનો ઉલ્લેખ કર્યો હતો. ગ્રેહામે કહ્યું, 'હું લગભગ એક મહિના પહેલા ભારતીય રાજદૂતના નિવાસે હતો અને તેઓ ફક્ત એ જ વાત કરવા માગતા હતા કે તેઓ કેવી રીતે રશિયન તેલ ઓછું ખરીદી રહ્યા છે. શું તમે પ્રમુખને ટેરિફમાં રાહત આપવા માટે કહેશો?'

### હવે જેલ જ મારું...

પાંચ સાથીદારોને જામીન મળવા બદલ રાહત અને ખુશી વ્યક્ત કરી હતી. લાહિરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ વાતચીત શેર કરતા લખ્યું કે, જ્યારે તેણે ખાલિદને જેલમાં મળવા આવવાનું કહ્યું, ત્યારે ખાલિદે પ્રતિક્રિયા આપી હતી કે, 'સારું, આવી જજે. હવે આ જ જિંદગી છે.'
ઉલ્લેખનીય છે કે ખાલિદ સપ્ટેમ્બર 2020થી જેલમાં છે. દિલ્હી રમખાણોના આ કેસમાં તમામ આરોપીઓ પર ત્રાસવાદ વિરોધી કાયદા યુએપીએ હેઠળ ગુનો નોંધાયેલ છે. આ કાયદાની કલમ 16 મુજબ, જો કોઈ ત્રાસવાદી કૃત્યમાં કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય, તો તેમાં મૃત્યુદંડ અથવા આજીવન કેદની સજાની જોગવાઈ છે.

### ઉમર ખાલિદને 'જેલ'...

'સતત અટકાયત તેમના વિરુદ્ધના કાયદાકીય પ્રતિબંધને ખતમ કરવા માટે બંધારણીય મર્યાદાને ઓળંગતી નથી' તે ન્યાયની મજાક છે. શું ટ્રાયલ શરૂ થવાની કોઈ શક્યતા વિના પાંચ વર્ષ સુધી જેલમાં રહેવું, જીવન અને સ્વતંત્રતાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન નથી?'' બેબીએ કહ્યું કે, આ ચુકાદો ભાજપ સરકારની 'વિરોધી અવાજોને નિશાન બનાવવાની દમનકારી રણનીતિઓ'ને સક્ષમ બનાવે છે. બેબીએ ઉમેર્યું હતું કે, ''જ્યારે દોષિત બળાત્કારી ગુરમીત રામ રહીમ સિંહ 2017માં દોષિત ઠેરવ્યા પછી આજસુધીમાં 15મી વખત પેરોલ પર જેલમાંથી બહાર આવ્યો. આ શરમજનક અને અસ્વીકાર્ય છે!'' એક્સ પર સીપીઆઈ(એમ)ના રાજ્યસભા સાંસદ જોન બ્રિટાસે કહ્યું કે ''જામીન એ નિયમ છે, જેલ અપવાદ'' આ સિદ્ધાંત સ્પષ્ટપણે અમુક વ્યક્તિઓ માટે લાગુ પડતો નથી. બ્રિટાસે સિંહનો ઉલ્લેખ કરતાં કહ્યું, ''એક વ્યક્તિ ટ્રાયલ વિના અનિશ્ચિત સમય સુધી જેલમાં રહે છે. બીજો માગણી પર વારંવાર 'જેલની રજાઓ' ભોગવે છે.'' તેની બે શિષ્યો પર બળાત્કાર કરવા બદલ 20 વર્ષની જેલની સજા ભોગવી રહેલા સિંહ સોમવારે રોહતકની સુનારિયા જેલમાંથી બહાર નીકળ્યો હતો, જ્યારે તેમને 40 દિવસની પેરોલ આપવામાં આવી હતી. 2017 માં આ કેસમાં દોષિત ઠેરવ્યા પછી આ 15મી વખત તેમને પેરોલ આપવામાં આવી છે.

### બાંગ્લાદેશમાં વધુ એક...

\અને અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. મણિરામપુર પોલીસ સ્ટેશનના કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.

આ ઘટનાની પુષ્ટિ કરતા, પ્રભારી અધિકારી રાજીઉલ્લાહ ખાને જણાવ્યું હતું કે, 'અમે ઘટનાસ્થળે છીએ. મૃતદેહને લઈ જવા અને પોસ્ટમોર્ટમ તપાસ કરવાની તૈયારીઓ ચાલી રહી છે.'

હુમલાખોરોની ઓળખ કરવા અને ધરપકડ કરવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે.

બાંગ્લાદેશમાં છેલ્લા ત્રણ અઠવાડિયામાં આ પ્રકારની પાંચમી હિંસક ઘટના બની છે, જેમાં દેશના અનેક ભાગોમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને તણાવ વધી ગયો છે.

### માદુરો અને તેમની...

સવારે 7:15 વાગ્યે જેલથી નીકળ્યો અને નજીકના સ્પોર્ટ્સ મેદાન પર પહોંચ્યો, જ્યાં માદુરો ધીમેથી ચાલતા ત્યાં રાહ જોઈ રહેલા હેલિકોપ્ટર તરફ ગયા. હેલિકોપ્ટર ન્યૂયોર્ક હાર્બર પરથી ઉડીને મેનહટન હેલીપોર્ટ પર ઉતર્યું હતું, જ્યાં ખોડંગાતા ચાલતા માદુરોને એક બખ્તરિયા વાહનમાં બેસાડવામાં આવ્યા હતા. માદુરોના વકીલો તેમની ધરપકડની કાયદેસરતાને પડકારે તેવી અપેક્ષા છે, તેઓ એવી દલીલ કરશે કે એક સાર્વભૌમ દેશના વડા તરીકે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી શકાય નહીં, તેમને આમાંથી મુક્તિ પ્રાપ્ત છે.

### દિલ્હી ડાયરી...

અધ્યક્ષ બની જશે. જે પી નડ્ડાનો ઉત્તરાધિકારી કોણ હશે તેના પરથી પડદો આખરે ઊઠી ગયો છે. કારણ કે, ટોચના પત્રકારો અને રાજકીય પંડિતો સહિત કોઈ પણ નબીનની ઉમેદવારીનો અંદાજ લગાવી શક્યા ન હતા.

**કોંગ્રેસે મનરેગાનું નામ બદલવાને 'ષડયંત્ર' ગણાવ્યું**

સરકારની પહેલ પર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ, 2005, જે મનરેગા તરીકે પ્રખ્યાત છે, તેને બદલવા માટે બિલ રજૂ કરવામાં આવ્યું અને પસાર કરવામાં આવ્યું, જેનાથી શાસક સરકાર અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળના વિરોધ પક્ષો વચ્ચે સંઘર્ષનું નવું ક્ષેત્ર ખુલી ગયું છે. સંસદના શિયાળુ સત્ર દરમિયાન બિલ રજૂ કરવામાં આવ્યા અને પસાર થયા પહેલા તેની ચર્ચા કરવામાં આવ્યા બાદ વિરોધ પક્ષોએ તીવ્ર હુમલો કર્યો, મહાત્મા ગાંધીનું નામ દૂર કરવા પાછળના હેતુ પર સવાલ ઉઠાવ્યા અને તેને યોજનાને ખતમ કરવાનું 'ષડયંત્ર' ગણાવ્યું. વિકસિત ભારત રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) (વીબી-જી આરએએમ જી) બિલ, 2025ને લોકસભાની પૂરક સૂચિમાં સૂચિબદ્ધ કરવામાં આવ્યું હતું, જેનાથી આ સંદર્ભમાં સરકારના ઇરાદા વિશે રહસ્યમાં વધુ વધારો થયો. રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા (એલઓપી) અને કોંગ્રેસના વડા મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, ''માત્ર ગ્રામીણ રોજગાર યોજનાનું નામ બદલવાનો મુદ્દો નથી, પરંતુ તેને ખતમ કરવા માટે ભાજપ-આરએસએસનું કાવતરું છે.'' સંઘ (આરએસએસ)ના ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં ગાંધીજીનું નામ દૂર કરવું એ દર્શાવે છે કે વિદેશની ધરતી પર ગાંધીજીને ફૂલો ચઢાવવાનો નરેન્દ્ર મોદીનો દેખાડો કેટલો પોકળ અને દંભી છે. તેમણે જાહેર કર્યું કે ગરીબો અને કામદારો વિરુદ્ધ આ ઘમંડી શાસનના કોઈપણ નિર્ણય સામે કોંગ્રેસ રસ્તાઓ પર ઊતરશે.

**રાજ્યપાલ બોઝે હિન્દીને ભારતની 'રાષ્ટ્રીય ભાષા' ગણાવી**

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સી.વી. આનંદ બોઝ, બિન-ભાજપ શાસિત રાજ્યોમાં રાજભવનમાં તેમના ઘણા સાથીદારોની જેમ, એવી જગ્યાએ પણ વિવાદ ઊભો કરવાનો શોખ રાખે છે જ્યાં કોઈ તક ન હોય.